

## લામાઓની ગુફામાં

કૈલાસને માર્ગે જતાં લામાઓનાં કેટલાંય સ્થળો આવતાં હતાં. મુખ્ય લામાનાં દર્શન કરવાની માને ઈચ્છા હતી. પહાડી કન્યા પાર્વતીએ માને કહ્યું કે, પાછા ફરતાં તમને મુખ્ય લામા પાસે લઈ જઈશ. વળતી વખતે પહાડની ટોચ પર આવેલી લામાઓની એક ગુફામાં મા અને તેની મંડળીને પાર્વતી લઈ આવી.

પહાડની આ ટોચ ઉપર આ લામાઓ શી રીતે રહેતા હશે ? જરૂરી વસ્તુઓ અહીં સુધી શી રીતે લાવતા હશે ? એ જ આશ્ચર્યજનક હતું. કેમકે, આ લોકો જાતે તો પર્વત ચઢી શકે તેમ જ નહોતા; ઘોડા ઉપર બેસીને ચઢી રહ્યા હતા. એમાં જો ઘોડાનો પગ લપસ્યો તો એક હાડકું પણ મળે નહીં, એવું વિકટ ચઢાણ હતું. પરંતુ ઘોડા આ વિકટ ચઢાણથી પરિચિત હતા એટલે તેઓ મનુષ્ય કરતાં વધારે સાવધાનીથી ચઢી રહ્યા હતા.

આખરે પર્વતની ટોચે આવી પહોંચ્યા ! શિખર પર આવતાં જ પીળા રંગની ગુફા નજરે પડી. એ જ હતું લામાઓનું નિવાસસ્થાન. બહારથી સાવ નાની એવી દેખાતી ગુફા અંદરથી તો એટલી ભવ્ય ને વિશાળ હતી કે બહારથી જોનારને વિશાળતાની કલ્પના જ ન આવે ! આ ગુફામાં કેટલાય લામાઓ રહેતા હતા.

આજુબાજુના ગરીબ લોકો પોતાનાં નાનાં નાનાં બાળકોને પણ સંન્યાસી બનાવી આ લામાઓને આપી જતા અને પછી લામાઓ તેને શાસ્ત્રો ભણાવીને તૈયાર કરતા. યુવાન વયે તેમને પણ પછી લામા બનાવી દેવાતા. આ રીતે એ ગુફામાં બાળકો, યુવાનો ને વૃદ્ધ એમ બધા પ્રકારના લામાઓ હતા ! ત્યાંના રાજાનો હુકમ હતો કે આ બધા સાધુઓને ખાવાપીવાની તમામ જરૂરિયાતો પ્રજાએ પૂરી પાડવી. આથી આજુબાજુનાં ગામોમાંથી બધું મળી રહેતું.

માએ નાનાં નાનાં છોકરાઓને પીળાં વસ્ત્રો પહેરી શાસ્ત્રપાઠ કરી રહેલા જોયા. અલબત્ત ભાષા જુદી હતી, પણ તેમનાં મુખ નિર્દોષતા ને ભક્તિભાવ પ્રગટ કરી રહ્યાં હતાં. આવા નાનાં બાળકોને આ રીતે ભક્તિપૂર્વક સુંદર શાસ્ત્રપાઠ કરતાં જોઈને મા ખૂબ જ પ્રસન્ન થયાં. બાળકોને આશીર્વાદ આપ્યા. એ પછી મુખ્ય લામા પાસે જવા માટે ખખડધજ સીડી ચઢીને ગુફામાં જ ઉપલે માળે જવાનું હતું !



એ રીતે બધાં ત્યાં ગયાં તો ત્યાં એક વિશાળ ઓરડા જેવું હતું.

વચ્ચે ગાદી પર વૃદ્ધ લામા બેઠા હતા. બાજુમાં કૂતરો બેઠો હતો.

ચારે બાજુ ભગવાન બુદ્ધનાં ચિત્રો અને મૂર્તિઓ હતાં. તદુપરાંત પણ બીજી ઘણી મૂર્તિઓ હતી. દરેક મૂર્તિ સામે એક જલપાત્ર ભરીને રાખ્યું હતું.

ઉપરાંત, કેટલાય ગ્રંથો પણ વસ્ત્રોમાં સજાવીને રાખેલા હતા. બીજી પણ અનેક પ્રકારની રહસ્યમય વસ્તુઓ ત્યાં હતી. આખો ય ગુફાખંડ રહસ્યમયતાથી ભરેલો હોય તેવું જણાતું હતું.

જ્યોતિષબાબુ મુખ્ય લામાની પાસે ગયા. પ્રણામ કરી કહ્યું : "કંઈ શક્તિ આપો." પણ એ લામા કંઈ એમની ભાષા સમજ્યા નહીં. તેથી પાર્વતી અને ઘોડાના રઈસે લામાને સમજાવ્યું. પછી તેઓ પ્રસન્ન થઈને બધાંને જાતજાતનો પ્રસાદ આપવા લાગ્યા. કહ્યું : "આ તીર્થપુરી પ્રસાદ છે, આ ખચ્ચરનાથનો પ્રસાદ છે."

આ પર્વત ઉપર જ લામાઓના આ નિવાસસ્થાનથી દૂર આ પવિત્ર તીર્થસ્થળો આવેલાં હતાં. પણ રસ્તો ઘણો જ મુશ્કેલ હોવાથી માએ ત્યાં જવાનું માંડી વાળ્યું હતું, પણ આ મુખ્ય લામા પાસેથી એ પવિત્ર સ્થળોનો પ્રસાદ માની મંડળીને મળી ગયો, એથી બધાં આનંદ પામ્યાં.

આ ઉપરાંત લામાએ રંગીન કાપડના નાના-નાના ટુકડાઓ પણ આપ્યા ! એમના ધર્મમાં આવા ટુકડાઓનું બહુજ મહત્ત્વ રહેલું છે. એને શુભ ચિહ્નો માનવામાં આવે છે. કપડાંના આવા નાના રંગબેરંગી ટુકડાઓને દોરીમાં લપેટીને દેવસ્થાનો, મકાનો તેમજ ઘણા પથ્થરો પર પણ અક્ષરો કોતરીને લટકાવેલા આવા ટુકડાઓ જોયા હતા. આથી બધાએ લામા પાસેથી આ પવિત્ર ટુકડાઓ પણ આશીર્વાદરૂપે સ્વીકાર્યા. ત્યાંની પ્રણાલી મુજબ ગુફામાં રૂપિયા, ચા, મેવો ને મિસરી માએ ધર્યાં. લામાઓએ પણ ચાનો ભોગ ધરાવીને બધાને તેનો પ્રસાદ આપ્યો. વૃદ્ધ લામાના ખંડમાં ભૂંગળી વાળેલા પાતળા કાગળોના વીંટલા પડ્યા હતા, જેની અંદર કંઈક મંત્રો કે અક્ષરો લખેલા હતા. શું લખેલું છે તેની તો ખબર ન પડી. પણ પૂછતાં જાણવા મળ્યું કે ત્યાંના લોકોને ખેતીમાં કંઈ વિઘ્ન આવે તો આ કાગળ લઈ જવાથી દૂર થઈ જાય છે. આથી એમાં એ જાતના મંત્રો લખ્યા હશે તેવું અનુમાન કરાયું.

એ કાગળ લેવાની ઈચ્છા થઈ એટલે માગ્યા; પણ લામાએ તે આપ્યા નહીં. ખૂબ વિનંતી કરી ત્યારે આઠ આનાના બે કાગળ આપ્યા ! આમ વિઘ્ન દૂર કરનારા કાગળની સાથે નીચે પાછાં આવ્યાં ત્યારે ઘણું જ મોડું થઈ ગયું હતું. આટલી ઊંચાઈએ લામાઓના આશ્રમની પ્રવૃત્તિઓ જોઈને મા પ્રસન્ન થઈ ગયાં !

## જ્યોતિષબાબુની સંન્યસ્તદીક્ષા



જ્યોતિષબાબુના અંતરમાં વૈરાગ્યભાવ પ્રબળ બનતો જતો હતો. સંસાર અને ઘરગૃહસ્થી તો ક્યારનાય છોડી દીધા હતા; પણ હવે તો સર્વસ્વ છોડી દેવા તત્પર બન્યા હતા. એમાંય માનસરોવર પહોંચ્યા ત્યારે આ વૈરાગ્યભાવ પરાકાષ્ઠાએ પહોંચ્યો. માનસરોવરને જોતાં જ પોતાના શરીરમાં થતાં દર્દને, પોતાની નબળી શારીરિક સ્થિતિને ભૂલીને સીધા એ જળમાં દોડી ગયા અને એવા ઠંડા હિમ જેવા પાણીથી સ્નાન કર્યું. તેમનું આંતરબાહ્ય બધું જ માનસરોવરના જળ જેવું નિર્મળ બની ગયું. અંતરમાં રહેલો વૈરાગ્ય તીવ્ર બની ગયો. પોતાની મેળે જ એકદમ વિદ્વત્(વિદ્યુત્) સંન્યાસ લઈ લીધો. મનમાં નક્કી પણ કરી લીધું કે આ પવિત્ર સ્થળે તપશ્ચર્યા કરીને મારું શેષ જીવન અહીં જ ગાળીશ. હવે પાછા ફરવું નથી. હું અહીંની કોઈ ગુફામાં સંતાઈ જઈશ. હવે માના સ્થૂલ દેહની સમીપમાં નહીં, પણ સચરાચરમાં વ્યાપ્ત એવા માના સન્નિધ્યમાં બધો જ વખત રહીશ.

આ ભાવ ક્રમશઃ વધતો જ ચાલ્યો, એટલે સર્વસ્વનો ત્યાગ કરવાનો નિર્ણય કર્યો. એટલી હદ સુધી કે પોતે પહેરેલું વસ્ત્ર પણ ત્યજી દીધું ને માનસરોવરને તીરે એકાંતમાં તદ્દન દિગંબર દશામાં વૈરાગ્યના ભાવોને પુષ્ટ કરતા બેઠા. તેમને થતું હતું કે અહીં વ્યાપ્ત એ વિરાટ ચેતનામાં તેઓ ઓગળી જાય અને તેમનું અસ્તિત્વ જ ન રહે.

પણ એ માટેનો સમય હજુ પાક્યો ન હતો.

ભોળાનાથ આ સ્થિતિમાં જોઈ ગયા. તુરત જ પાસે જઈ પૂછ્યું : ''આ શું વળી ? આવી ઠંડીમાં આ અવસ્થામાં કેમ ? થયું છે શું તને ?''

જ્યોતિષબાબુએ મનની સઘળી વાત કહેવી પડી. એ સાંભળી ભોળાનાથ હસવા લાગ્યા : ''સંન્યાસ લેવાની કોણ ના પાડે છે ! પણ આમ કપડાં કાઢીને કંઈ સંન્યાસ ઓછો લેવાય છે ? આવી ઠંડીમાં આમ નિર્વસ્ત્ર બેસી રહેવાથી શરીર લાકડા જેવું થઈ જશે. પછી સંન્યાસ લેશે કોણ ?'' આમ સમજાવીને કપડાં પહેરાવ્યાં. પછી મા પાસે લઈ આવ્યા.



માને બધી વાત કરી કહ્યું : ''હવે તમે આનું ધ્યાન રાખજો, બધાને છોડીને અહીં જ રહી જવા માગે છે.''

શબ્દો સાંભળીને મા થોડીવાર ગંભીર થઈ ગયાં.

પછી જ્યોતિષબાબુને લઈ માનસરોવરને કિનારે આવ્યાં.

મા ત્યાં ઊભાં હતાં, એટલામાં તે દોડીને માનસરોવરના જળમાંથી ખોબો ભરી જળ લઈ આવ્યા ને માનાં ચરણોમાં અંજલિ સમર્પી.

માને એમ કે તેણે લીધેલા સંન્યાસની આ પણ એક ક્રિયા હશે, તેથી કશું બોલ્યા નહીં. ત્યાં તો અંજલિ આપ્યા પછી તેણે પોતાના ગળામાંથી માએ તેમને અગાઉ આપેલો સોનાનો હાર અને જનોઈ કાઢ્યાં ને માનાં ચરણોમાં મૂકી દંડવત્ પ્રણામ કર્યા.

માએ પૂછ્યું : ''જ્યોતિષ, આ શું કરે છે તું ?''

'મા, બસ, હવે આજ્ઞા આપો; સામેના પહાડની નિર્જન ગુફામાં રહેવું છે ને તપ કરવું છે.' આ વિશે માએ ગુરુપ્રિયા દીદીને કહ્યું હતું :

''આ રીતે જ્યોતિષ હવે મને છોડવા તૈયાર હતો. એનું એને જરાય દુઃખ નહોતું. કેમકે, હવે મનમાં એવો વિચાર દૃઢ થઈ ગયો હતો કે, મા સ્થૂલ શરીરમાં બંધાયેલાં નથી. તેઓ વિશ્વમાં, બ્રહ્માંડમાં વ્યાપ્ત છે. એટલે મારી સમક્ષ માના હોવા-ન-હોવાનો સવાલ પેદા થતો નથી.''

મા પોતાના ધર્મપુત્રના મનમાં ઊઠેલા વૈરાગ્યના ભાવને અનુભવી રહ્યાં. પણ પુત્રનું કલ્યાણ શેમાં છે તે જાણતાં હતાં; એટલે ચરણે મૂકેલાં હાર ને જનોઈ હાથમાં લઈ લીધાં. જ્યોતિષબાબુએ કહ્યું : ''મા, આપ પિતાજીને કહો કે હું એક બાજુ નીકળી જાઉં. મને જવા દે. હમણાં જ ચાલ્યો જઈશ, વિદાય આપો.'' એકદમ ઉદાસીન ને અવધૂત ભાવનો પ્રકાશ માએ જોયો. પણ અહીં રહેવામાં તેનું કલ્યાણ નથી એ મા જાણતાં હતાં, એથી કહ્યું : ''હમણાં તો તું મારી સાથે ચાલ.''

માની આવી આજ્ઞા સાંભળી ચૂપ થઈ ગયા ને માની સાથે ફરીથી ચાલવા લાગ્યા. ચાલતાં ચાલતાં જ કહ્યું : ''મા, મારું એક નિવેદન છે. આપ કહો તો હું અત્યારથી જ અખંડ ને કાયમી મૌન લઈ લઉં.''

''ના, યાત્રામાં અધવચ્ચે મૌન થઈ જવું બરાબર નથી. જો, આજે તો એક રીતે તારો સંન્યાસ જ થઈ ગયો છે. તને અહીં પર્વતોની વચ્ચે મૌન થઈ જવાની ઇચ્છા થાય છે એટલે તારું સંન્યાસનું નામ છે 'મૌનાનંદ પર્વત'. આમ માએ પર્વતોની વચ્ચે મૌન થઈ જવાની તેમની ઇચ્છાને આ નામ આપીને સૂક્ષ્મમાં પૂરી કરી આપી !

માનસરોવરને કિનારે-કિનારે મા આગળ ચાલતાં હતાં ને જ્યોતિષબાબુ પાછળ પાછળ. ત્યાં માના મુખમાંથી અનાયાસે પ્રગટેલો મંત્ર સાંભળ્યો. એ મંત્ર રટવા લાગ્યા ને પછી થયું કે આ તો સંન્યાસમંત્ર છે. એટલે દોડીને માનાં ચરણોમાં પડ્યા. કહ્યું : ‘‘મા, મને સંન્યાસમંત્ર મળી ગયો.’’

પછી માનસરોવરમાં જઈ, કંઈ ક્રિયા કરી, સાત-આઠ વખત અંજલિઓ ભરીને લાવ્યા ને માનાં ચરણોમાં અર્પણ કરી. માએ સોનાનો હાર ને જનોઈ પાછાં આપ્યાં. કહ્યું : ‘આ તું પહેરી લે.’

માનો આદેશ થતાં એ પાછાં ધારણ કરી લીધાં. મા હવે જાણી ગયાં હતાં કે જ્યોતિષબાબુની સઘળી આસક્તિઓ હવે છૂટી ગઈ હતી. માનાં દર્શન કર્યા વગર જે વ્યાકુળ બની જતા હતા તે હવે માનાં સાન્નિધ્યને પણ સામે પગલે છોડી દેવા તૈયાર થઈ ગયા હતા !

માએ પાછળથી કહ્યું હતું : ‘‘તેને આસક્તિમુક્ત અવસ્થા પ્રાપ્ત થઈ ગઈ હતી અને મનમાં કોઈ જ આસક્તિ રહેતી નથી ત્યારે શરીર છૂટી જાય છે. કેમકે, એ સ્થિતિમાં પહોંચેલી વ્યક્તિને પછી કંઈ જ કરવાનું રહેતું નથી, એટલે એનો મોક્ષ થઈ જાય છે.’’

એ પછી જ્યોતિષબાબુ બીમાર પડ્યા. તે વખતે કહેતા હતા કે ઇચ્છા કરવાથી દેહનો ત્યાગ તો કરી શકાય. પણ ઇચ્છા દ્વારા કરેલો ત્યાગ ઇચ્છાકૃત્ય બને છે. એટલીયે ઇચ્છા શા માટે હોવી જોઈએ ? એ પણ ઇચ્છા રહિત જ હોવો જોઈએ.

આમ સર્વ પ્રકારની આસક્તિમાંથી અંતે મુક્ત બની ગયા હતા.

માના સાન્નિધ્યે સામાન્ય મનુષ્યમાંથી દેવોને ય દુર્લભ એવી અનાસક્ત યોગીની બ્રાહ્મી સ્થિતિમાં પહોંચાડી દીધા. એમણે કરેલી માની સેવાભક્તિનું આથી ઉત્કૃષ્ટ બીજું ક્યું ફળ હોઈ શકે ?





## ‘મા અને હું એક !’

માની આજ્ઞાથી જ્યોતિષબાબુ મૌનાનંદ પર્વત બનીને પાછા તો ફર્યા પણ હવે જીવનમુક્ત બની ગયા હતા. અવ્યક્ત પ્રત્યેનું ખેંચાણ વધી રહ્યું હતું. મા તે જાણતાં હતાં કે આ સ્થિતિમાં આત્મા વધુ સમય દેહમાં રહેતો નથી. એના પૂર્વચિહ્નરૂપે કૈલાસથી પાછા ફરતાં યાત્રામાં જ તબિયત બગડવા લાગી. ગમે તેમ કરીને માએ અલ્મોડા પહોંચાડ્યા.

અહીં પણ તબિયત ખૂબ જ બગડી ગઈ.

આથી અલ્મોડામાં જ એક નવા મકાનમાં બધાં રોકાઈ ગયાં.

એમનું પેટ ફૂલી ગયું. શ્વાસની તકલીફ પડવા લાગી. આવી સ્થિતિ જોઈને બધાં ખૂબ ચિંતિત બની ગયાં. માએ તો મૌન ધારણ કરી લીધું હતું. આથી જ્યોતિષબાબુના પથ્ય અને આરામ અંગે ઇશારાથી સમજાવી દેતાં અને ઘણું કામ તો જાતે જ કરી નાખતાં.

એક દિવસ તાવ ખૂબ વધી ગયો ને હેડકી શરૂ થઈ.

શ્વાસમાં તકલીફ પડવા લાગી. પાસે જ ખુરશી પર મા બેઠાં હતાં.

તુરત જ ઊઠ્યાં ને ચૂપચાપ શરીર પર હાથ ફેરવવા લાગ્યાં.

ધીમે-ધીમે શ્વાસનો વેગ ઓછો થયો એટલે મા પાછાં ખુરશી ઉપર બેસી ગયાં.

શીતળ હાથનો સ્પર્શ બંધ થતાં જ્યોતિષબાબુએ પૂછ્યું : ‘મા ક્યાં ?’

જવાબ મળ્યો :

‘‘મા પાટ પર બેઠાં છે.’’

માને થયું કે પુત્ર માની હાજરીને ઝંખે છે. એટલે પાછાં ખુરશી ઉપર બેઠાં. આખેઆખી રાત પુત્રની પાસે મા બેસી રહ્યાં !

વળી, એક દિવસ તો તબિયત ખૂબ બગડી ગઈ. અસહ્ય દર્દ જોઈને ભોળાનાથ તો રડવા લાગ્યા. પણ મા એકાએક હસવા લાગ્યાં. હસતાં હસતાં જ્યોતિષબાબુના શરીર પર હાથ મૂકી દીધો ! માનું તો બધું જ કાર્ય સફળ હતું. એટલે મા જણાવે નહીં ત્યાં સુધી માના કાર્યની પાછળનું રહસ્ય કોઈ જાણી શકતું નહીં. એ સ્પર્શ

દ્વારા માએ શું કર્યું તેની કોઈને કશી જ ગતાગમ ન પડી. ડૉક્ટર ત્યાં હાજર હતા. દર્દમાં રાહત થાય તે માટેના તમામ પ્રયત્નો તેમણે કરી જોયા, પણ કોઈ કારી ફાવી નહીં. થાકીને ચાલ્યા ગયા.

તેથી ગુરુપ્રિયા દીદીએ કહ્યું : "મા, હવે ડૉક્ટરની વિદ્યા સમાપ્ત થઈ ગઈ છે. હવે તો જે કંઈ થઈ શકે તે તમે જ કરી શકો તેમ છો !"

માએ આ સાંભળી તો લીધું, પણ કોઈ પ્રતિભાવ ન આપ્યો. પણ જ્યોતિષબાબુને વધુ આરામ મળે તે માટે વ્યવસ્થા કરવા લાગ્યાં.

એ સમયે ગુરુપ્રિયાદીદીએ જોયું તો માએ જ્યોતિષબાબુના શરીર પર એકવાર ફૂંક મારી. તે વખતે ત્યાં બીજું કોઈ હાજર નહોતું. એટલે માએ શું કર્યું તેની કોઈને ય ખબર પડી નહીં.

એની પાછળના રહસ્યની તો ખુદ દીદીને પણ ખબર પડી નહીં !

બીજે દિવસે ડૉક્ટરે તપાસીને બે ઇંજેક્શનો આપ્યાં. તેમાં એક તો સેલાઈનનું હતું. માએ ઇશારાથી સેલાઈનનું ઇંજેક્શન ન આપવા કહ્યું ત્યારે ડૉક્ટરે કહ્યું : "એ ઇંજેક્શનને લીધે તો ટકી રહ્યા છે. એને કેવી રીતે બંધ કરવું ? પણ જો સાંજે સ્થિતિ સારી હશે તો નહીં આપું."

આમ ઇંજેક્શન આપીને ડૉક્ટર તો ચાલ્યા ગયા.

મા કંઈ બોલતાં નહોતાં, છતાં તેમણે દીદીને ઇશારાથી કહ્યું :

"ઇંજેક્શન નહીં આપવાથી નહિ ચાલે ?"

દીદીએ કહ્યું : "ડૉક્ટર તો કહી ગયા છે કે સાંજે સ્થિતિ સારી હશે તો નહીં આપે. હવે તમે જ કૃપા કરીને આ સ્થિતિ સુધારી આપો તો ઇંજેક્શન આપવું નહીં પડે. ભોગ તો બહુ કર્યો, હવે સમાપ્ત કરી દો."

આ સાંભળીને પણ મા કંઈ ન બોલ્યાં. તે સાંજે તો તબિયત ખૂબ જ બગડી ગઈ. બધાં રડતાં હતાં, સ્થિર હતાં. એકમાત્ર મા શાંત અને ગંભીર હતાં. એવું લાગતું હતું કે હવે આ આત્મા ગમે ત્યારે શરીર છોડી ઊર્ધ્વલોકમાં ઊડી જશે. ડૉક્ટરે છેલ્લું એક સેલાઈન ઇંજેક્શન આપવા ઇચ્છ્યું. માએ આ વખતે બિલકુલ વિરોધ ન કર્યો. ઇંજેક્શન આપી દીધા પછી દીદીએ માને કહ્યું : "ડૉક્ટરે કરવાનું હતું તે કરી લીધું. હવે કંઈ જ કરી શકે તેમ નથી. હવે તો તમારે જે કરવું હોય તે જ કરો. અમે થોડો વખત બહાર જતા રહીએ છીએ."

એમ કહીને દીદી બધાંને લઈને બહાર નીકળી ગયાં.

જીવન અને મૃત્યુની વચ્ચે ઝોલાં ખાઈ રહેલા એ દુર્બળ, રોગગ્રસ્ત દેહની પાસે મા થોડીવાર બેસી રહ્યાં.



એ દેહના દાતા સાથે માએ સૂક્ષ્મમાં શી મસલત કરી એ તો મા અને એ આત્મા જ જાણી શકે ! થોડીવાર પછી માએ ડૉક્ટરને ફરી બોલાવ્યા ત્યારે બધાં પાછાં ઓરડામાં આવ્યાં.

ડૉક્ટરે કહ્યું : "હવે આમાં હું કંઈ કરી શકું તેમ નથી. કોઈ દૈવી ચમત્કાર જ બચાવી શકે."

આમ કહી તેઓ તો જતા રહ્યા. ભય ને ચિંતામાં તે દિવસ એમ જ પસાર થયો. બીજો દિવસ પણ એવો જ ઊગ્યો. પણ જ્યોતિષબાબુ ભાનમાં હતા. માને ન જોતાં કહ્યું : "માને બોલાવો."

માં આવ્યાં. મસ્તક પર હાથ ફેરવવા લાગ્યાં. તેથી ઘણી જ શાંતિ વળી. મા જતાં રહ્યાં પછી દીદીને પૂછ્યું : "માએ ખાધું ?"

દીદી તો અવાક્ બનીને જોઈ જ રહ્યાં કે કેટલી પ્રબુદ્ધ છે એમની ચેતના ! અસહ્ય દર્દથી પીડાતું, શ્વાસ લેવા મથતું રોગપૂર્ણ શરીર કેટલું કષ્ટ આપી રહ્યું છે ! એ સ્થિતિમાં ય માની ચિંતા કરી રહ્યાં છે :

'મા જમ્યા કે નહીં ?'

મા પ્રત્યેનો એમનો ઊંડો પ્રેમભાવ આ સ્થિતિમાંય પ્રગટ થઈ રહ્યો હતો. એ પછી ગુરુપ્રિયાદીદીને કહ્યું : "ખુકુની (બહેન) ફીનીશ" - આ બે વાક્યોમાં જણાવી દીધું કે હવે આ લોકની યાત્રા સમાપ્ત થવામાં છે. ચહેરા ઉપર લેશમાત્ર વ્યગ્રતા, ચિંતા કે લગીરે દુઃખ ન હતું. ખૂબ સ્વસ્થપણે દીદીને આ જણાવ્યું હતું.

મા પણ જાણી ગયાં હતાં કે હવે આ આત્મા વિદાય લઈ રહ્યો છે.

પરંતુ દીદીએ કહ્યું : "મા, કંઈક ઉપાય કરો."

માએ સિવિલસર્જનને બોલાવ્યા. તેમણે તપાસીને જણાવ્યું, 'આમાં હવે કંઈ સુધારો થઈ શકે તેમ નથી.' પણ ડૉક્ટરે સેલાઈનનું ઇંજેક્શન આપવા તૈયારી કરી ને જ્યોતિષબાબુએ તીવ્રપણે વિરોધ કર્યો, પણ ડૉક્ટર એમનું સાંભળતા નહોતા.

ડૉક્ટરે માને કહ્યું : "શ્વાસ છે ત્યાં સુધી આશ રાખવી જ જોઈએ."

ઇંજેક્શન આપ્યું ને ઘણા પ્રયત્નો કર્યા પછી કહ્યું : "નાડીની ગતિમાં કોઈ ફેરફાર થતો નથી. હવે તો ફક્ત માનો જ ભરોસો છે."

આથી બધા જ રડવા લાગ્યાં. દીદીએ ફરી કહ્યું : "મા, તમે તો કંઈક ઉપાય કરો." ત્યારે ઇશારાથી જ કહ્યું : "કંઈ 'ખયાલ' આવતો નથી."

બધાંની આશા ઉપર પાણી ફરી વળ્યું. અત્યાર સુધી બધાંને હતું કે મા જરૂર બચાવી લેશે. ક્ષય જેવા જીવલેણ રોગમાંથી માએ બચાવી લીધા હતા, તો આ રોગ તો કંઈ વિસાતમાં નથી. મા જરૂર કંઈક ઉપાય કરશે. 'ખયાલ નથી આવતો' એમ

જણાવીને માએ એ આશાતંતુ કાપી જ નાખ્યો. બધાં ચૂપ બની ઊભાં રહ્યાં. મા તેમના કપાળ પરનો પરસેવો લૂછવા લાગ્યાં. થોડીવારે તેમણે આંખ ખોલી 'હરિબોલ, હરિબોલ'નું ઉચ્ચારણ કર્યા પછી પૂછ્યું : "મા ક્યાં છે ?"

મા તો ત્યાં જ એમની સમીપ જ હતાં. પણ જાણે હવે એમના 'આંખના દેવતા' ઊઠી રહ્યા હતા એટલે સ્પષ્ટ જોઈ શકતા નહોતા. તેથી 'મા, મા, મા !' એમ પોકારવા લાગ્યા.

મા એકદમ સ્થિર ભાવે મૌનમાં સરી પડ્યાં હતાં. તેમનો હાથ જ્યોતિષબાબુના કપાળ પરનો પરસેવો લૂછી રહ્યો હતો. સામે ઊભેલાં બધાંની આંખોમાંથી આંસુ ચાલ્યાં જતાં હતાં. માને માટે સર્વસ્વનો ત્યાગ કરનાર, માની સાથે પડછાયાની પેઠે રહેનાર, સર્વને પ્રેમથી આત્મીય બનાવનાર માનો આ ધર્મપુત્ર ગણતરીની ઘડીઓમાં અંતિમ યાત્રાએ નીકળવાની તૈયારી કરી રહ્યો હતો ને જાણે મા પાસે વસમી વિદાય માગી રહ્યો હતો : 'મા, આ જન્મ તો સુધારી દીધો. તમારી છાયામાં રહેવા મળ્યું ને તમારી છાયામાં જ જઈ રહ્યો છું. પણ ભવોભવ તમારા જ સમીપ રહેવા મળે એવું કરજો.'

જાણે એ આત્માની ઇચ્છા મા જાણી ગયાં હતાં. તેથી તેમનો હાથ મસ્તક ઉપર સ્થિર થઈ ગયો હતો.

માએ કહ્યું : "ખુકુની, નામ સંભળાવો."

આંસુ લૂછીને દીદી ભગવન્નામનું રટણ કરવા લાગ્યાં.

બધાં અનુસર્યાં. સમગ્ર વાતાવરણમાં ભગવન્નામ પ્રસરી રહ્યું.

આ નામ સાંભળતાં ચિત્ત-શાંત, સ્વસ્થ ને સ્થિર બની ગયું.

તેઓ બોલી ઊઠ્યાં : 'કેવું સુંદર, ખુકુની, કેવું સુંદર !' ધીમે ધીમે તેમની ચેતના પરમ ચેતના સાથે તદ્રૂપ થવા લાગી. દેહમાં પૂરાયેલી ચેતના હવે અસીમને અનુભવવા લાગી.

અલગ વ્યક્તિત્ત્વ ઓગળવા લાગ્યું.

બધાં જ બંધનો છેદાઈ ગયાં. તેઓ બોલી ઊઠ્યા :

"બધું એક જ છે. એકના સિવાય બીજું કંઈ જ નથી."

એમને મુખે આ સાંભળી હરિરામે રડતાં રડતાં પૂછ્યું :

"ભાઈજી, શું છે ?" ત્યારે એમણે ફરી કહ્યું : "એક...બધું એક જ છે. બસ, એનો ખ્યાલ રાખો ભાઈ; એક...બધું એક છે."

આ સાંભળી દીદીએ કહ્યું : "દાદા, તમે તો માના ખોળામાં સારી રીતે આરામથી સૂતા છો."



ત્યારે ફરીથી કહ્યું : 'મા અને હું એક છીએ. બાબા અને હું એક છીએ. એકના સિવાય બીજું કંઈ છે જ નહીં.' આમ કહી માનસરોવરમાં માના મુખે મળેલા સંન્યાસમંત્રનું ધીમે ધીમે ઉચ્ચારણ કર્યું. પછી શ્વાસ ધીમો પડવા લાગ્યો. આથી તેમને નીચે ઉતારીને સુવડાવ્યા. બધાં મોટેથી ભગવન્નામનો જાપ કરવા લાગ્યાં. માના અવતારકાર્યમાં સહાય કરવા માટે આવેલા એ દિવ્યાત્માએ, માની હાજરીમાં જ, પોતાના જર્જરિત થઈ ગયેલા શરીરના પિંજરને થોડીવારમાં છોડી દીધું. માની સર્વવ્યાપી અનંત તેજોમય ચેતનામાં તદ્રૂપ બની ગયો !

તે વખતે મા તો સમાધિમાં લીન હતાં. એમને કંઈ જ બાહ્ય ભાન નહોતું. કેમ જાણે ધર્મપુત્રની નવી યાત્રાને પણ મંગલમય બનાવવાની વ્યવસ્થા કરી રહ્યાં ન હોય ! ઘણો સમય સમાધિમાં રહ્યા પછી જાગ્યાં ત્યારે તો જ્યોતિષબાબુનો નિર્જીવ દેહ જ ત્યાં પડ્યો હતો ! માએ કહ્યું :

"એ સંન્યાસી હતો. એને સમાધિ આપવાની વ્યવસ્થા કરો."

પછી પાતાળદેવી નામના સ્થળે સમાધિ સ્થપાઈ. એ દેહ સમાધિસ્થ ન થયો ત્યાં સુધી મા પોતે પણ ઊંડી સમાધિમાં એકાગ્ર રહ્યાં હતાં ! પોતાનાં ચરણોમાં સંપૂર્ણ સમર્પણ કરનાર પુત્રના મૃત્યુને પણ મંગલમય બનાવી તેના ઇહલોક અને પરલોકને માએ આલોકિત કરી દીધો !



# 'સાસરે કંઈ નવું જોયું ?'

જ્યોતિષબાબુની વિદાયથી સૌને ઊંડો આઘાત લાગ્યો હતો.

જાણે કે કૈલાસની યાત્રા માટે જ જીવતા હતા તેવું જણાયું. યાત્રા પૂરી કરીને પાછા કલકત્તા પહોંચ્યા નહીં. માએ બધાંને સમજાવી કહ્યું :

'કોઈ આવતું નથી કે કોઈ જતું નથી. બધા જ્યાં છીએ ત્યાં જ છીએ. જ્યોતિષ છોડીને ક્યાંય ગયો નથી. એણે ફક્ત દેહ જ ત્યજી દીધો છે; આપણને નહીં.' આ રીતે માની સાંત્વના, ભજન-કીર્તન-ભગવન્નામના રટણથી ધીમે ધીમે બધાં સ્વસ્થ થવા લાગ્યાં.

પછી તો માનાં સઘળાં કાર્યો પણ પૂર્વવત્ થવા લાગ્યાં.

મા અલ્મોડાથી દહેરાદૂન જઈ રહ્યાં હતાં ત્યારે આસકોટના રાજાના બનેવી માનાં દર્શને આવ્યા. તેમણે આ પહેલાં ક્યારેય માનાં દર્શન કર્યાં ન હતાં. જોકે આસકોટનો સઘળો રાજવી પરિવાર માનો ભક્ત હતો. તેમનાં પત્નીએ તો ઘણીવાર માનાં દર્શન અને માની પૂજા પણ કર્યાં હતાં. પણ રાણાજીને એ તક મળી નહોતી. તેઓ કાશીમાં રહેતા હતા ત્યારે હજુ માનો આશ્રમ ત્યાં બન્યો નહોતો. આ વખતે માનાં દર્શનનો બે વાર મોકો મળ્યો. તેઓ માની આધ્યાત્મિકતાથી ઘણા જ પ્રભાવિત થયા. આસકોટના રાજવી પરિવારની જેમ જ માના ભક્ત બની ગયા.

પછી કાશી પાછા ફર્યા ત્યારે મિત્રે દર વખતની જેમ પૂછ્યું :

'ભાઈ, આ વખતે સાસરામાં તેં શું નવું જોયું એ તો કહે !'

દર વખતે તો મિત્રના મજાકભર્યા પ્રશ્નનો ઉત્તર પણ એવી જ મજાકથી આપતા કે મિત્ર પણ હસી પડતા. પણ આ વખતે ગંભીર હતા. મિત્રના પ્રશ્નથી ગંભીરતામાં કંઈ ફરક ન પડ્યો.

એ જ ભાવે કહ્યું : ''ભાઈ, આ વખતે જે જોયું છે તેને જિંદગીભર ભૂલી શકીશ નહીં.''

''કહો તો ખરા, એવું તે શું જોયું ?'' ઉત્સુકતાથી મિત્રે પૂછ્યું.



ત્યારે રાણાસાહેબે કહ્યું : ''એક બંગાળી માતાજી જોયાં. નામ છે આનંદમયી મા. બે વાર દર્શન કર્યાં. ભાઈ, શું કહું તમને ! શું એમની આંખો છે ! એ આંખોની ભાષા તો અંતરમાં આરપાર ઊતરી ગઈ છે ! એ અનુભવ ક્યારેય ભૂલી શકીશ નહીં. એવું લાગ્યું કે જાણે અંતરમાં ઊતરીને બધું જ છીનવી લે છે ! આવી વસ્તુ જિંદગીમાં ક્યારેય અનુભવી નથી.''

જાણે રાણાસાહેબ ફરીથી એ અનુભૂતિ કરી રહ્યા હોય તેમ અંતરમાં સ્થિર થઈ ગયા. એમના ભાવોમાં આટલું ઊંડું પરિવર્તન કરનાર એ માતાજી કોઈ સાધારણ મનુષ્ય તો નહીં જ હોય એમ મિત્રને જણાયું.

એ મિત્ર હતા સુપ્રસિદ્ધ ડૉક્ટર ગોપાલદાસ મિત્ર.

એ પછી રાણાસાહેબનું જીવનનું દૃષ્ટિબિંદુ બદલાઈ ગયું.

તેઓ વધુ ને વધુ આધ્યાત્મિક ભાવ ઝંખવા લાગ્યા. મિત્રની આવી સ્થિતિ જોઈ ગોપાલબાબુ પણ દર્શન કરવા ઉત્સુક બની ગયા.

**દરેક ક્ષણે સત્યની શોધ ચાલુ રહેવી જોઈએ. વાસ્તવ-અવાસ્તવ વચ્ચેના સતત પરિશીલન, જપ, ધ્યાન, શાસ્ત્રાધ્યયન, ઈશ્વરના નામ-સંકીર્તન-આ બધાંના સંગ્રહિત બળથી-કોઈ વિશિષ્ટ વ્યક્તિ માટેના પૈકીના કોઈ પણ મુખ્ય અભિગમપંથથી-જ્યારે કોઈ મનુષ્ય ઉચ્ચતમ ઝંખના-સાધનામાં-તલ્લીન બની જાય, ત્યારે ઈશ્વરના સ્મરણ વગર તે રહી શકતો નથી, અને પરિણામે મૂર્ખતા, અસદ્જ્ઞાન અને દુઃખો દૂર થઈ જાય છે. માનવપ્રાણી થવું એટલે ઈશ્વર સાક્ષાત્કારની ઝંખના કરવી. ઈશ્વરની ખોજ જ મનુષ્યને માનવપ્રાણી તરીકે સાર્થકતા આપે છે.**

**– 'શ્રી શ્રી મા'**



## ગુજરાતમાં પ્રથમ આગમન

મા તે સમયે હરદ્વારમાં હતાં અને બધાં સાથે વાર્તાલાપ કરી રહ્યાં હતાં. એકાએક માએ સ્વામી અસીમાનંદને કહ્યું : "તમે મને નર્મદા લઈ જવા ઈચ્છતા હતા ને ?"

"હા મા !" હાથ જોડી કહ્યું.

"તો પછી નર્મદા જવા માટેની ગાડી ક્યારે મળે ?" અસીમાનંદ તો આશ્ચર્યથી સામે જોઈ જ રહ્યા ! એમણે તો માને ગુજરાતમાં આવવાનું આમંત્રણ આપ્યું હતું. મા આટલું જલદી ગોઠવશે તેની તો કલ્પના જ નહોતી. પૂછ્યું : "મા, ક્યારે જવું છે ?"

"ગાડી ક્યારે મળે આજે ?"

"રાતના અગિયાર વાગે." "તો એમાં જ નીકળીએ."

હરદ્વારથી છેક વડોદરા સુધીની લાંબી મુસાફરી હતી અને તે પણ કોઈ જાતની પૂર્વતૈયારી વગર એકાએક નીકળવાનું. ત્યાં ગુજરાતમાં કોઈને ય જાણ નથી કરી, તો ત્યાં માને ઊતરવાની વ્યવસ્થા ક્યાં કરવી ? અસીમાનંદ વિચારમાં પડી ગયા. પણ માએ તો વિચારવાની કે તૈયારી કરવાની તક જ ન આપી. તે રાત્રે અગિયાર વાગે ઊપડતી ગાડીમાં થોડા શિષ્યો સાથે મા વડોદરા આવવા નીકળ્યાં.

માની બધી જ યાત્રાઓ આવી રીતે અચાનક જ ગોઠવાઈ જતી.

આથી મા સાથે રહેનારા ભક્તો આ રીતે ટેવાયેલાં હતાં.

બીજે દિવસે રાત્રે બે વાગે વડોદરાથી ચાર માઈલ દૂર આવેલા નાનકડા નિર્જન સ્ટેશને મા ઊતરી ગયાં. બધા એ નાનકડા સ્ટેશને અર્ધી રાત્રે મા સાથે રહ્યાં.

આસો મહિનાના દિવસો હતા. ચાંદની રાત ખીલી હતી અને માનું સાન્નિધ્ય હતું. બસ, પછી તો આનંદની રસલ્હાણ જ થઈ ! માને વીંટળાઈને બધાં બેસી ગયાં ને માએ પણ સવાર સુધી સહુને એ દિવ્યાનંદના જામનું પાન કરાવ્યું. બીજે દિવસે સવારે દસ વાગે ચાંદોદ આવી પહોંચ્યાં.

ચાંદોદના સ્ટેશને એક રમકડાંવાળો ઊભો હતો. મા તો તેની પાસે જઈને ઊભાં રહ્યાં. દીદી પણ પાછળ પાછળ ગયાં ને પૂછ્યું :



"મા, શું જોઈએ છે ? કહો."

એટલામાં તો નરેશ ચૌધરીનાં પત્ની યુથિકાદેવી પણ ત્યાં આવ્યાં ને એક મુદ્‌ગર જેવું રમકડું ઉઠાવીને આપ્યું.

માએ કહ્યું : "મુદ્‌ગર તો થયું, હવે શંખ, ચક્ર, ગદા, પદ્મ જોઈએ."

તેથી દીદીએ ચક્ર જેવું રમકડું શોધીને માના હાથમાં મૂક્યું.

પછી ભોળાનાથે કોડીનું રમકડું માને આપ્યું ત્યારે માએ કહ્યું :

'ભલે શંખ નહીં તો કોડી.'

એ પછી કમળના ફૂલ જેવું રમકડું પણ માના હાથમાં આવ્યું.

આમ બધાંએ માને વિષ્ણુચિહ્નોનાં રમકડાંઓ આપ્યાં.

એ પછી માએ પૂછ્યું : 'આમાંથી કોને કયું રમકડું ગમે છે ?'

દરેક જણને પસંદગીનું રમકડું માએ આપ્યું ને બધાં ચાલવા લાગ્યાં.

આ બધાં રમકડાંઓ ખંજરીની જેમ વાગતાં હતાં.

એટલે તેને વગાડતાં વગાડતાં બધાં કીર્તન કરવા લાગ્યાં.

જોતજોતામાં તો અનેક લોકો જોવા ટોળે વળ્યા. ગાતાં-નાચતાં ભગવાનના મંદિરે આવી પહોંચ્યાં. જોયું તો એ મંદિર ભગવાન વિષ્ણુનું હતું અને એ જ મંદિરમાં માની રહેવાની વ્યવસ્થા થઈ.

બધાંએ નર્મદાસ્નાન કરી પ્રસાદ લીધો.

મંદિરમાં માએ કહ્યું : "જુઓ, વિષ્ણુ મંદિરમાં જવાનું છે એની તો કંઈ ખબર નહોતી. પણ મંદિરમાં આવતાં પહેલાં જ એણે શંખ, ચક્ર, ગદા, પદ્મનો ખેલ કરાવ્યો !"

એ પછી માએ નૌકામાં નર્મદાભ્રમણ કર્યું.

નૌકામાં જ મા ભાવસમાધિમાં ડૂબી ગયાં હતાં.

ભાવમાંથી જાગ્યા બાદ મા હોડીમાં જ ગાવા લાગ્યાં :

*"હરિ નામેર તરી બાંધો ભાઈ"*– *હરિનામની નૌકા બાંધો.*

સંધ્યાનો સોહામણો સમય. નર્મદાનો નિર્મળ વિશાળ જળરાશિ, તેમાં ચૈતન્યપ્રવાહ જેવા વહેતાં તેનાં જળ, તેમાં સરી જતી એક નૌકા.

એમાં માની સાથે બેઠેલા ભક્તજનો એવું અનુભવતા હતા કે, "ભવતારિણી મૈયા સ્વયં બધાને ભવસાગર પાર કરાવી રહી છે !"

એ સમયે માના મધુર કંઠમાંથી વહેતો હરિનામનો સૂર સાંભળવા નર્મદા પણ સ્થિર થઈ ગઈ ! તેનાં આંદોલનો જળરાશિ પર ચોમેર પ્રસરી રહ્યાં. મા તો

ભાવસ્થિતિમાં મગ્ન થઈને ગાઈ રહ્યાં હતાં. આ વહેતી જલધારાની વચ્ચે વહી રહેલી સૂરધારામાં સહુ તરબોળ બની ગયાં. મા સાથેની નર્મદાની આ યાત્રા તો સર્વને માટે અદ્‌ભુત સંસ્મરણ બની રહ્યું. પછી પાછાં બધાં મંદિરની ધર્મશાળામાં આવી ગયાં. બધાં સૂઈ ગયાં. મા મોડી રાત સુધી આગળના વરંડામાં સ્થિરભાવે બેસી રહ્યાં. બીજે દિવસે વ્યાસતીર્થ ને કબીરવડના દર્શનાર્થે ગયાં. મોડી રાત્રે ચાંદોદ પાછા ફર્યાં. એ સમયે તો નર્મદાતીરે વધુ સમય મા રોકાઈ શકે તેમ નહોતાં. પણ નર્મદાએ માના હૃદયને જકડી લીધું.

માએ કહ્યું : 'હું અહીં જરૂર પાછી આવીશ.'

થોડા દિવસ બાદ પાછાં આવીને મા અહીં રહ્યાં. આ સ્થળ સાથે જાણે માને ગાઢ નાતો હોય તેવું લાગ્યું. અને એથી જ 'ભીમપુરા'માં પોતાનો આશ્રમ સ્થાપ્યો. ત્યાંની ગુફામાં માએ ઘણી લીલા પણ કરી. આજે પણ ભીમપુરામાં નર્મદાતીરે માનો આશ્રમ, માની સૂક્ષ્મ હાજરીનો અનુભૂતિ કરાવતો ભક્તોને શાંતિ માટે, આનંદ માટે, ઉચ્ચ આધ્યાત્મિક પાથેય મેળવવા માટે આવકારી રહ્યો છે.







## અમદાવાદમાં પ્રથમ પદાર્પણ

બે દિવસ નર્મદાતીરે રોકાઈને મા અમદાવાદ આવી પહોંચ્યાં.

અહીં લોકોએ માનું નામ સાંભળ્યું હતું, પણ બહુ ઓછા લોકોએ માનાં દર્શન કર્યાં હતાં.

આથી મા અને તેમની મંડળી માટે ગુજરાત અપરિચિત જ હતું.

ભાષા પણ સાવ અજાણી હતી.

પણ માને તો અપરિચિતતા જેવું હતું જ ક્યાં ? તેમને તો સર્વની અંદર રહેલા એ એકમેવ સાથે જ નાતો હતો-પછી ભલે મહોરાં જુદાં જુદાં હોય ! આથી મા જ્યાં જતાં ત્યાં થોડા વખતમાં જ એમના પ્રેમના દિવ્ય ચુંબકત્વને લીધે અસંખ્ય લોકો માનાં દર્શને આવવા લાગતાં.

અમદાવાદમાં તો સ્વામી અસીમાનંદના થોડાક શિષ્યો હતા. એમણે માના આગમનની જાણ કરી હતી એટલે કેટલાય લોકો સ્ટેશન પર જ માનાં દર્શન કરવા આવી પહોંચ્યા હતા. બધાએ માને એટલા બધા હાર પહેરાવ્યા કે મા ફૂલોથી ઢંકાઈ ગયાં. માનો પ્રથમ ચરણસ્પર્શ થતાં અમદાવાદની ભૂમિએ માનું કરેલું આ સહજ સ્વાગત હતું !

સાથે આવેલા ભક્તોને તો કલ્પનાય નહોતી કે અમદાવાદની ભૂમિ ઉપર ઊતરતાં જ ગુજરાતની પ્રજાનો આટલો સ્નેહ સાંપડશે !

ગુરુપ્રિયાદીદી લખે છે : "અહીંના લોકોમાં બહુ જ સરળ ભક્તિ ને વિશ્વાસ છે. જે લોકો અમારી ભાષા પણ નથી સમજતા, અથવા તો બહુ જ થોડી હિંદી ભાષા સમજે છે, એવાં સ્ત્રી-પુરુષો પણ માને જોઈ સાક્ષાત્ દેવીરૂપ માની પૂજા-અર્ચના કરે છે, ભોગ ધરાવે છે. બધાં કહે છે કે અમે માનાં દર્શન કરીને ધન્ય બની ગયાં."

એક ગુજરાતી સ્ત્રીએ ક્યારેય માનાં પ્રત્યક્ષ દર્શન કર્યાં ન હતાં. પણ બે મહિનાથી સ્વપ્નમાં એવી અનુભૂતિ થતી હતી કે તે જાણે માની સન્મુખ બેસીને માની વાણી સાંભળી રહી છે ! અને ખરેખર હવે તે પ્રત્યક્ષ રીતે માની સન્મુખ બેસીને માની વાણી સાંભળી રહી હતી !

તે માની શકતી નહોતી કે આ સ્વપ્ન છે કે સત્ય છે ! સ્વપ્નને મૂર્તિમંત થતું જોઈને તે એટલી બધી વિભોર બની ગઈ હતી કે આખો દિવસ માની પાસે બેસી જ રહી. બે પારસી શિક્ષિકાઓ પણ માના દર્શને ખાસ આવી હતી. તે મહિનાઓથી માનાં દર્શન માટે ઉત્સુક હતી. તેમને કલકત્તાના વિખ્યાત ડૉ. મહેન્દ્રનાથ સરકાર સાથે મુલાકાત થઈ હતી. ત્યારે પૂછેલું : 'તમે કોઈ સાચા મહાત્માનાં દર્શન કર્યાં છે ખરાં ?'

ઉત્તરમાં ડૉ. સરકારે કહ્યું : "મેં અનેક મહાત્માઓનાં દર્શન કર્યાં છે, પણ ઢાકાના આનંદમયી માનાં દર્શન કરીને જે આનંદ પામ્યો છું તેવો આનંદ બીજે ક્યાંયથી મળ્યો નથી. મને વિશ્વાસ છે કે તેઓ પૂર્ણ અવસ્થામાં સ્થિત છે."

ડૉ. સરકાર જેવી પ્રખર બુદ્ધિમત્તા ધરાવતી વ્યક્તિ ઉપર માનો આવો ગાઢ પ્રભાવ પડેલો જોઈ આ બંને બુદ્ધિશાળી પારસી બાનુઓ પણ માનાં દર્શન કરવા ઇચ્છતી હતી, પણ તક મળતી નહોતી. તેમને માના આગમનની જેવી ખબર પડી કે તેઓ માના દર્શને આવી. દર્શન કરતાં જણાયું કે ડૉ. સરકારની વાત સંપૂર્ણ સાચી છે. પ્રથમ દર્શને જ મા જનેતા જેટલાં આત્મીય જણાયાં.

તેમાંના એકે તો મા આગળ પોતાના અંતરની વાત પણ કરી :

"મા, મને કોઈ પણ પ્રકારની પ્રતીક ઉપાસના ગમતી નથી, તો મારા મનને કેવી રીતે સ્થિર કરવું ? કંઈક રસ્તો બતાવો."

માએ તુરત કહ્યું : "ઘણું સારું. શાંતિથી બેસી શ્વાસની ગતિ ઉપર ધ્યાન રાખો. કંઈ જ કરવાની જરૂર નથી. શ્વાસ-ઉચ્છ્વાસ જ તમારું પ્રતીક છે."

ઓહ, આટલો સરળ ઉપાય ! એ મહિલા તો ખૂબ ખુશ થઈ ગઈ. પછી તો તે પોતાની મોટરમાં માને અમદાવાદ શહેર બતાવવા લઈ ગઈ. ત્યારે એમને આ મોકો મળી ગયો. પછી તો માના આગમનની જાણ થવા લાગી તેમ તેમ લોકો દર્શને આવવા લાગ્યાં.

માની ધર્મશાળામાં દર્શનાર્થીઓની ભીડ જામવા લાગી.

અંબાલાલ સારાભાઈના ઘરની સ્ત્રીઓ પણ દર્શને આવી.

પોતાનું ઘર પાવન કરવા તેમણે વિનંતી કરી. માએ તે માન્ય રાખતાં, પોતાને બંગલે લઈ આવ્યાં. ત્યાંના વિશાળ અતિથિભવનમાં મા અમદાવાદમાં રહે ત્યાં સુધી રહેવા માટે આગ્રહ પણ કર્યો.

ત્યારે માએ જણાવ્યું :

"અહીં અમે કેટલા દિવસ રોકાવાના છીએ તે નક્કી નથી. જો રોકાઈ જઈશું તો પછી આગળ જોયું જશે."



તે દિવસે મા રહ્યાં તો ધર્મશાળામાં જ. બીજે દિવસે સવારે પણ તે સ્ત્રીઓ માર્ગદર્શન મેળવવા આવી. મા તેમની સાથે દૂર મોટરમાં ફરવા ગયાં. ત્યાં એકાંતમાં બેસીને તેમની વાતો સાંભળી માર્ગદર્શન આપ્યું.

એક સ્ત્રીએ પૂછ્યું : "મા, ગુરુની જરૂર રહે ખરી ?"

ઉત્તરમાં માએ કહ્યું : "જન્મ પછી ગુરુ તો કરો જ છો. માતા, પિતા, શિક્ષક એટલે સુધી કે જેમની પાસેથી તમે કંઈ પણ શીખો છો તે બધા જ ગુરુ છે. બધાં કામ માટે કોઈ એક શીખવનાર જોઈએ જ જોઈએ. કંઈ પણ જ્ઞાન પ્રાપ્ત કરવા ઇચ્છો તો જાણકારની જરૂર પડે જ છે."

પછી માએ સહજભાવે જ કહ્યું : "કર્મ કર્યા વગર કંઈ નહીં થાય. કર્મ કરવું જ જોઈએ. અશુદ્ધ બંધન કાપવા માટે શુદ્ધ બંધન બાંધવું પડે છે. જેવી રીતે કપડામાં ગાંઠ પડી ગઈ હોય તો ખોલવા માટે તેમાં ધ્યાન દઈને હાથ પરોવવા પડે ને ખોલવું પડે છે. બધાં કામ એ રીતનાં જ છે."

માની સહજ, સરળ ને સ્વાનુભવજન્ય વાણીથી એમનું સમાધાન થયું ને તેઓ આનંદનો અલૌકિક અનુભવ કરી રહી. હવે માને પોતાને ત્યાં આવવા વારંવાર આગ્રહ કરવા લાગી. પણ માનો 'ખયાલ' જુદો જ હતો. એટલે આમંત્રણ સ્વીકાર્યું નહીં. એ પછી માએ ગાંધીઆશ્રમ અને અમદાવાદનાં અન્ય સ્થળોની મુલાકાત લીધી.

તે જ સાંજે અમદાવાદથી પાછા વડોદરા જવાનું નક્કી કર્યું.

**માનવજીવનનું મહાન વરદાન પામ્યા પછી એક ક્ષણ પણ એળે જવા દેશો નહિ, વૃક્ષો છોડવાઓ, પશુઓ અને પક્ષીઓ પણ થોડો વખત જીવે છે અને પોતાની જાતનાં અન્ય વૃક્ષો, છોડવાઓ, પશુઓ અને પક્ષીઓને જન્મ આપીને મરી જાય છે. જો તમે પણ એવી જ રીતે જીવશો તો પછી તમારામાં અને તેમનામાં શો ફરક છે ? દરેકે આ સંસારને 'વળતી ટિકિટ' સાથે ન છોડવો પડે, એ માટે સખ્ત પરિશ્રમ કરવો જોઈએ.**

**– 'શ્રી શ્રી મા'**



## 'આજે સાંજે જ જઈશ.'

"મા, અમારી પ્રાર્થના સ્વીકારી આજનો દિવસ રોકાઈ જાઓ." મા સાંજે જ વડોદરા જવાનાં છે એ જાણીને ગુજરાતના ભક્તો વધુ રોકાવા પ્રાર્થના કરી રહ્યા. કાંતિભાઈ મુન્શાએ કહ્યું : "મા, આટલાં જલદી કેમ જતાં રહો છો ? કૃપા કરી થોડા દિવસ વધુ રોકાઈ જાઓ."

રતિભાઈ, વૈદ્યરાજ અંબાશંકરજી બધા જ માને વધુ રોકાવા આગ્રહભરી વિનંતી કરવા લાગ્યા.

ત્યારે બધાંની સમક્ષ હાથ જોડી માએ હસતાં હસતાં કહ્યું : "આજે રાતની ગાડીમાં જ જવાનું છે."

બધાના ચહેરા ઉપર ગ્લાનિ ફરી વળેલી જોઈને માની સાથેના એક ભક્તે લોકોને સમજાવતાં કહ્યું : "મા, પોતાના 'ખયાલ' મુજબ જ કામ કરતાં હોય છે. 'ખયાલ' આવ્યા પછી ગમે તેટલી અગવડ હોય તોય માની વાત અટલ રહે છે. તેમાં કશો જ ફેરફાર કોઈ કરી શકતું નથી."

દીદીએ એની પૂર્તિ કરતાં સમજાવ્યું, "મા ક્યારે ક્યાં જશે ને કેટલું રહેશે એ કંઈ જ નક્કી હોતું નથી. ઘણી વખત તો કોઈ મોટર લઈને માને મળવા આવ્યું હોય તો મા એને જ કહી દે કે, "બાબા, હમણાં જ તમારી મોટરમાં સ્ટેશને મૂકી જાઓ."

અને મા તુરત જ ચાલી નીકળે. માની બાબતમાં કોઈ કંઈ કરી શકતું નથી. તેમનું કોઈ નિશ્ચિત આયોજન હોતું નથી. આજે પણ માએ કહ્યું છે કે, "જોજે, ગાડી ચુકાઈ ન જાય. આજે જ નીકળી જવું છે, એટલે એમાં તો મા ફેરફાર નહીં કરે."

"પણ રાત્રે વડોદરા પહોંચીને કરશો શું ? ત્યાં ઊતરવાનું તો કંઈ ઠેકાણું નથી. એના કરતાં આજની રાત રોકાઈ જાઓ ને સવારે નીકળો તો ત્યાંય વ્યવસ્થા કરાવી શકાય." એક ગુજરાતી સજ્જને કહ્યું.

બધાંનો એ જ આગ્રહ હતો કે એક રાત મા રોકાઈ જાય. પણ નિજ નિર્ણયમાં મા અટલ હતાં. કહ્યું : "જે થવાનું હશે તે થઈ જશે. કંઈ નહીં તો છેવટે સ્ટેશન



પર તો રહી શકાયને ? આજે જવાની વાત મુખમાંથી નીકળી ગઈ છે, એટલે આજે જ જઈશ."

લોકોને થયું કે હવે માને રોકી શકાશે નહીં.

ગાડીનો સમય થવા આવ્યો હતો અને હજુ ઘોડાગાડીવાળો આવ્યો ન હતો. પણ માને તો જવું જ હતું, એટલે ધર્મશાળાની બહાર નીકળી ગયાં. એટલામાં શૈલેષબાબુ મોટર લઈને મળવા આવ્યા. તેમની મોટરમાં મા સ્ટેશને પહોંચી ગયાં. લોકોને ખબર પડતી ગઈ તેમ તેમ માનાં દર્શનાર્થે સ્ટેશને આવવા લાગ્યાં. હજુ બે દિવસ પહેલાં મા આવ્યાં ત્યારે ગણીગાંઠી થોડી વ્યક્તિઓ સિવાય કોઈ જાણતું નહોતું અને બે દિવસમાં તો માના વ્યક્તિત્વે અમદાવાદ ઉપર એવું જાદુ પાથરી દીધું કે અસંખ્ય લોકો દર્શને ઊમટી પડ્યાં. ફૂલહાર ને ફૂલોના તો ઢગલેઢગલા થઈ ગયા. એ બધા ફૂલહાર ને ફૂલો માએ પ્રસાદીરૂપે પાછાં આપ્યાં. આમ અમદાવાદને પોતાની દિવ્યતાનો સ્પર્શ આપી રાતના બાર વાગે મા વડોદરા આવી પહોંચ્યાં.

અહીં વડોદરામાં ક્યાં રહેવું, શું કરવું એ કંઈ જ નિશ્ચિત નહોતું. "પણ માનો 'ખયાલ' હતો કે, "જો હોની હોય સો હો જાય" - જે થવાનું હશે તે થશે.

પરિણામે બધું જ સુંદર રીતે ગોઠવાઈ ગયું. મા અમદાવાદથી વડોદરા સાંજે જવાનાં છે એ જાણી કોઈને ય કહ્યા વગર એક સજ્જન વહેલા વડોદરા આવી ગયા હતા. એક સારી ધર્મશાળામાં માને ઊતરવા માટેની સઘળી વ્યવસ્થા તેમણે કરી લીધી. પછી માના આગમનની રાહ જોતા વડોદરા સ્ટેશને બેસી રહ્યા. રાત્રે બાર વાગ્યે મા વડોદરા પહોંચ્યાં ત્યારે આ સજ્જન આવકારવા ઊભા હતા ! આમ, ન તો માને પ્લેટફૉર્મ પર રાત રોકાવું પડ્યું કે ન અર્ધી રાત્રે ધર્મશાળા શોધવા જવી પડી.

બધું જ માના 'ખયાલ' મુજબ પહેલેથી ગોઠવાયેલું જ હતું !



# 'જુઓ, ભગવાન જ બંદોબસ્ત કરે છે !'

વડોદરા ઊતરતાં જ માની સાથે રહેલા ભક્તોને પ્રતીતિ થઈ ગઈ કે ભગવાન જ સઘળી વ્યવસ્થા ત્વરિત કરી આપે છે. ગુજરાતના આ પ્રવાસ દરમિયાન સર્વને આ અનુભૂતિ વારંવાર થતી રહી. વડોદરામાં મા જે ધર્મશાળામાં ઊતર્યાં હતાં ત્યાં સામે મોટું મકાન હતું. તેની પાસે મોટર ઊભી હતી. મોટર જોઈને હસતાં હસતાં ગુરુપ્રિયા દીદીને કહ્યું : ''મોટરના માલિકને જઈને કહું કે તમારી મોટરમાં જરા ફેરવો ને ?''

''મા, તમે તો બધું કરી શકો. તમારે માટે કંઈ જ અશક્ય નથી.'' દીદીએ કહ્યું; પણ પછી વાત ત્યાં જ અટકી પડી. હવે તે સાંજે એક યુવાન માને મળવા આવ્યો અને તે હતો પેલી મોટરનો માલિક ! સામેનું મકાન હતું એ આ ધર્મશાળાના માલિકનું હતું અને આ યુવાન તેનો ભાણેજ હતો. હવે ધર્મશાળાના દ્વાર આગળ જ મોટર ઊભી હતી !

માએ હસતાં હસતાં કહ્યું : ''ખુકુની, સવારે જે મોટરની વાત કરી હતી તેનો આ માલિક આવી પહોંચ્યો છે !''

''મા, તમે સવારે કહ્યું તો હવે એમાં ફરવા યે જવાશે.'' કહીને દીદી હસી પડ્યાં.

વડોદરામાં વાસણ માંજવા આવતી કામવાળીએ દીદીને પૂછ્યું :

''બહેન, આ લાંબા વાળવાળાં સફેદ વસ્ત્રધારી બહેન કોણ છે ?''

''એ મા છે.'' દીદીએ ઓળખાણ આપી.

''હા, મોઢા ઉપરનું તેજ જોઈને જ એ તો ખબર પડી જાય છે કે કોઈ સાધારણ સ્ત્રી નથી. લાગે છે કે માતાજીએ ખૂબ તપ કરીને પ્રભુને પ્રસન્ન કર્યા હશે !''

''હા, તમારી વાત સાચી છે.'' દીદીએ માની આકરી તપશ્ચર્યાની યે પછી વાત કરી. પણ આમ સાવ સામાન્ય અજાણ્યા લોકોય માને જોઈ ઓળખી જતા કે આ કોઈ દૈવી શક્તિ છે. પરિચયમાં આવ્યા પછી તો એમની શ્રદ્ધામાં અનેકગણો વધારો થઈ જતો.

જે ધર્મશાળામાં મા રહેતાં હતાં ત્યાં એવો નિયમ હતો કે યાત્રિકો ત્રણ દિવસથી વધુ રહી ન શકે. ત્યાં ત્રીજો દિવસ પૂરો થઈ ગયો હોવાથી હવે ધર્મશાળા છોડવી



પડે તેમ હતી. પણ એ પહેલાં જ ધર્મશાળાનો માલિક અને તેનાં પત્ની સવારમાં જ ત્યાં આવ્યાં. માનાં દર્શન કરી ઘણા જ પ્રભાવિત થયાં. મેનેજરને સૂચના આપી કે માને કોઈ પણ પ્રકારની અગવડ ન પડે તેનું ખાસ ધ્યાન રાખવું. પછી માની સાથે રહેલા ભક્તોને કહ્યું : ''જોયું ને, ભગવાન પોતે જ બધી વ્યવસ્થા કરી આપે છે. ધર્મશાળાના માલિકોએ યોગ્ય સમયે જ સામેથી આવીને રહેવાની વ્યવસ્થા કરી આપી. નહીંતર એમને કોણ બોલાવવા ગયું હતું ?''

ક્યારેય મા અગાઉથી વ્યવસ્થા કરતાં નહીં. પણ દરેક વખતે જઈ ઊભા રહેતાં ત્યાં બધું જ આપમેળે ગોઠવાઈ જતું. માની સાથેના ભક્તોને જરૂર ચિંતા રહેતી કે ક્યાં જઈશું, શું કરીશું, કેવી રીતે રહીશું ? પણ મા તો સદાકાળ ચિંતામુક્ત જ હતાં. પોતાની સહજાનંદ અવસ્થામાં સ્થિત અને એ ચેતનામાં તો બધું ગોઠવાયેલું જ રહેતું !

વડોદરાથી એક દિવસ મા ડાકોર પણ ગયાં હતાં. તે દિવસ કાર્તિકી પડવો-ગુજરાતનું નવું વર્ષ-હોવાથી મંદિરમાં અન્નકૂટ ભરાયો હતો. માએ તેનાં પણ દર્શન કર્યાં.

માની ઇચ્છા તો હતી નર્મદાતીરે રહેવાની. આથી માએ ચાંદોદથી દૂર આવેલા કરનાળીમાં જવાનું નક્કી કર્યું. આ સ્થળ પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર છે. નર્મદાના ખળખળ વહેતાં નીરથી સમગ્ર સ્થળ રમણીય ને આહ્લાદક દીસે છે. ચારે બાજુ ધર્મશાળાઓ અને વચ્ચે મુરલીધરનું મંદિર છે. અહીં પણ મુરલીધરના મંદિરમાં માની રહેવાની વ્યવસ્થા થઈ ગઈ. જેટલો સમય રોકાવું હોય તેટલો સમય રહેવાની સુંદર વ્યવસ્થા પૂજારીએ ગોઠવી આપી.

નર્મદાકિનારે આશ્રમ બાંધી રહેલા રમણલાલજી માનાં દર્શને આવ્યા. દર્શન કરતાં જ બોલી ઊઠ્યા : ''અરે, હું તો જોઈ રહ્યો છું કે સાક્ષાત્ નર્મદા મૈયા મારી સન્મુખ ઊભાં છે. અનેક જન્મોનાં પુણ્યોને અંતે, મા, તમારાં દર્શન મળે.'' એમ કહી ભક્તિભાવે પ્રણામ કર્યા. પછી કહ્યું : ''મા, તીર્થસ્થાન પણ પવિત્ર સાધુ-મહાત્માઓનું સાન્નિધ્ય ઝંખી રહ્યું છે. એવું લાગે છે કે નર્મદાકિનારો આપની ચરણરજ ઝંખી રહ્યો છે, એટલે આપ નર્મદાને કિનારે કિનારે થોડું ફરજો ને સર્વ પર કૃપાદૃષ્ટિ કરજો.'' અજાણ્યા સજ્જનને મુખે મા પ્રત્યેની આવી ભક્તિભાવભરી વાણી સાંભળી સાથે રહેલી મંડળી તાજ્જુબ બની ગઈ !

ત્યાં થોડે દૂર સ્વયંજ્યોતિ આશ્રમ હતો. ત્યાંથી બે સાધિકાઓ પણ માને આમંત્રણ આપવા આવી. કહ્યું : ''મા, વીસ વર્ષથી નર્મદા કિનારે રહીએ છીએ. પાસે જ અમારો આશ્રમ છે. આપને કંઈ પણ જોઈતું હોય તો કહેવડાવજો. આપની સેવાનો લાખેણો લાભ આપજો.''

આમ ધીમે ધીમે નર્મદાકિનારે પણ માનો પ્રકાશ વ્યાપી ગયો.

આસપાસના સંતો ને મહંતો પણ માનાં દર્શને આવવા લાગ્યા.

તે દિવસે સ્વયંજ્યોતિ આશ્રમમાંથી મા પાછાં ફરી રહ્યાં હતાં ત્યારે રસ્તામાં કેટલાય લોકો દર્શનાર્થે ઊભાં રહ્યાં હતાં. અમદાવાદ અને વડોદરાની જેમ જ અહીં પણ દર્શન માટે ભીડ જામવા લાગી ! જે લોકો દર્શન કરીને જતા તેમને ફરીફરીને આવવાનું મન થતું. બીજા લોકોનેય કહેતા : "મુરલીધરના મંદિરમાં જે માતાજી આવ્યાં છે તે સાક્ષાત્ દેવી જેવાં છે. દર્શન કરવાં જેવાં છે. આવી વ્યક્તિ ક્યારેય જોઈ નથી."

પરિણામે લોકોનો પ્રવાહ મા પાસે વહેવા લાગ્યો. માના સુંદર સૌમ્ય ધવલરૂપને જોઈને લોકો 'જય મા, મહેશ્વરી કે જય મા નર્મદે' કહીને સાષ્ટાંગ પ્રણામ કરવા લાગ્યા. બધાંને એમ જ લાગતું હતું કે સાક્ષાત્ દેવી નર્મદા માના સ્વરૂપે પ્રગટ થયાં છે અને ખરેખર માનું દૈવીરૂપ નર્મદાકિનારે વધુ ઉજ્જ્વળ બની પ્રકાશી રહ્યું. નર્મદાની મધુર શીતળતા અને નિર્મલ પવિત્રતાએ માને પણ આકર્ષી લીધાં અને માએ ત્યાં આશ્રમ સ્થાપ્યો. માનો નર્મદા સાથેનો અતૂટ સંબંધ માના પ્રથમાગમને જ રચાઈ ગયો. આજ પર્યંત તે ચાલુ રહ્યો છે !







## 'આ ભવ તરી ગઈ !'

તે સમયે મા ઢાકામાં હતાં. ગુરુપ્રિયા દીદી પણ માની સાથે જ રહેતાં હતાં. માની સેવા-શુશ્રૂષા એ જ જીવન હતું. મા પાસે કદી કોઈ માગણી કરી નહોતી. માને એમ પણ કહ્યું નહોતું કે, 'મા, મને ભગવાનનાં દર્શન કરાવો કે ઈશ્વરાનુભૂતિ કરાવો.' માને જે કરવું હોય તે કરે ને આપવું હોય તો આપે. બાકી માના સાન્નિધ્ય સિવાય બીજા કશાયની ઈચ્છા ન હતી. પણ તેમને જેની જરૂર હતી તે મા આપ્યે જ જતાં હતાં. માએ જ પહેલાં યજ્ઞોપવિત આપ્યું. હવે માએ હાથમાં દંડ મૂક્યો. તે દિવસે માએ હાથમાં દંડ લીધો ને પોતે જે સાડી પહેરી હતી તે ફાડીને તેનો ટુકડો એ દંડને વિંટાળ્યો. પછી દીદીને આપતાં કહ્યું : "જા, આને સિદ્ધેશ્વરી માતાના મંદિરે લટકાવી આવ."

એ દંડ લટકાવી પાછાં આવ્યાં ત્યારે જોયું તો માએ ભગવાં વસ્ત્ર પહેર્યાં હતાં. આશ્ચર્ય થયું કે આવાં વસ્ત્રો કેમ ધારણ કર્યાં ! ત્યાં તો એ વસ્ત્રો પહેરીને મા પોતાના ઓરડામાં ચાલ્યાં ગયાં. પછી બારણું બંધ કરી દીધું. માનું તો બધું જ અકળ ને રહસ્યમય હોય છે એ દીદી જાણતાં હતાં. એટલે થયું કે આ વિશે મા પાછળથી ક્યારેક રહસ્ય જરૂર ખોલશે. એટલે ચૂપ રહ્યાં. મા ક્યારે બારણું ખોલે તેની રાહ જોતાં બેસી રહ્યાં. ઘણીવારે બારણું ખૂલ્યું ત્યારે માએ સફેદ વસ્ત્રો પહેર્યાં હતાં. પણ એમના હાથમાં એ ભગવાં વસ્ત્રો હતાં. પોતે પહેરેલાં એ ભગવાં વસ્ત્રો દીદીના હાથમાં મૂકતાં કહ્યું : "જા, અંદર જઈ વસ્ત્રો પહેરી લે. પછી ત્યાં જ બેસી જપ કર. બહાર આવે ત્યારે આ વસ્ત્રો કાઢી નાખજે."

માની આજ્ઞા પ્રમાણે જ દીદીએ કર્યું. આમ, કોઈને ય ખબર ન પડે તે રીતે, માએ દીદીને સંન્યાસની દીક્ષા આપી દીધી, જે રીતે પોતે જ્યોતિષબાબુને પણ દીક્ષા આપી હતી. માએ પોતાનાં આ બંને બાળકોને અન્ય કોઈ ગુરુ પાસે દીક્ષા માટે મોકલ્યાં નહીં. પણ પોતે જ ગુરુ બન્યા ! મા સિવાય આ દીક્ષા વિશે કોઈ જાણતું નહોતું.

દીદીને માએ એમ પણ કહ્યું : "ક્યારેક ક્યારેક આ વસ્ત્રો પહેરી સાધનામાં બેસજે." માએ ધારણ કરેલાં એ ભગવાં વસ્ત્રો દીદીના જીવનની અમૂલ્ય મૂડી બની રહ્યાં. જે રીતે એમને આ દીક્ષા મળી એ જોઈને ગદ્દગદિત બની માની કૃપાને વંદી રહ્યા. તેમણે લખ્યું છે : "હું તો આ ભવ તરી ગઈ." ભવતારિણી મા સ્વયં જેમની જીવનનૌકાના નાવિક હોય તેને ડૂબવાનો ભય ક્યારેય ક્યાંથી રહે ?

ત્યારે માએ કહ્યું : "જુઓ, હું તો કંઈ જ કરતી નથી. તમે જે કરાવો છો તે આ શરીર દ્વારા તમારા પ્રયોજન અનુસાર પ્રગટે છે. તેથી આ ઘટનાને કંઈ વિશેષ ઘટના કહી શકાય નહીં. તમારી સાથે વાત કરું છું તેવી રીતે આ શરીરના પિતાજી સાથે પણ વાત કરું છું. હું તો જોઉં છું કે બધું એક જ પ્રકારનું છે. તો એને વિશેષ ઘટના કેવી રીતે કહેવાય ?"

મા માટે ભલે એ વિશેષ ઘટના નહોતી પણ સામાન્ય મનુષ્યો માટે તો હતી જ. આ પરથી બધા જાણી શક્યા કે મા સ્થૂળ દેહે હાજર ન હોય તોય સૂક્ષ્મ દેહે હાજર રહી કાર્ય કરવાનું હોય છે તે કરતાં જ રહે છે.

માને માટે તો સુખ-દુઃખનો કોઈ પ્રશ્ન જ ઊઠતો નહોતો. દેહ છોડ્યા બાદ પણ તેમના મુખમાંથી પિતાના સૂક્ષ્મ શરીર માટે મંત્ર પ્રગટ થયો અને એ મંત્રથી પિતાનો મોક્ષ થઈ ગયો. એટલે માને તો હવે કોઈ જ બાહ્ય ક્રિયાકાંડ કરવાની જરૂર રહી નહોતી. પણ ભોળાનાથ બહુ ભાવુક હતા, શાંત ને સ્વસ્થ રહી શકતા નહોતા. માને કહ્યું : "ગમે તેમ હોય, પણ તેઓ પિતાજી છે. તમારે તેમનું કંઈક કરવું જોઈએ. વ્યવહારમાં તમે તો ઘણુંબધું કરતા આવ્યાં છો. તમે દીકરી છો. કંઈક તો જરૂર કરવું જ જોઈએ."

માનો નિર્લેપભાવ જોઈ ભોળાનાથ આ બાબતમાં માને સક્રિય કરવા ઈચ્છતા હતા.

માએ કહ્યું : "પિતાજી તો બધા જ છે. કંઈ નહીં કરું કે કરીશ એવું કંઈ પણ કહેતી નથી. તમે લોકો જે કંઈ કરાવી શકો તે તો કરાવી જ લો છો. તમારા લોકોના ભાવની સાથે મેળ રાખીને તો આ શરીર ચાલી રહ્યું છે. જ્યારે એ નથી તો હું શું કરું, કહો જોઈએ! 'જો હો જાયે'. હું કંઈ જ કરી શકતી નથી." આટલું કહી મા ચૂપ થઈ ગયાં.

ત્યારે ભોળાનાથે કહ્યું કે મારી ફરજ હું બજાવીશ.

પછી તેમણે એ ફરજ બજાવવા બ્રાહ્મણોને જમાડીને દાન આપવાનું નક્કી કર્યું.

ત્યારે માએ કહ્યું : "અહીં ધર્મશાળામાં નહીં પણ બચ્ચુને ઘેર પ્રબંધ કરો."

એ રીતે અન્યને ઘેર ભોળાનાથે બ્રહ્મભોજનની વ્યવસ્થા કરી. ભોળાનાથ તો માને હાથે દાન અપાવવા ઈચ્છતા હતા. આથી એક ઓરડામાં માને આસન પર બેસાડ્યા. પંડિતજીને પણ બોલાવ્યા હતા. દાન આપવાની વસ્તુઓને થાળમાં ગોઠવી મા પાસે લઈ આવ્યા. પછી શ્રાદ્ધવિધિના મંત્રોનું ઉચ્ચારણ કરવા લાગ્યા. ભોળાનાથને માના હસ્તે તેમના પિતાજી પાછળ આ દાન અપાવવું હતું. પણ મા તો આ બધાથી પર હતાં. બોલી ઊઠ્યાં : "કયા કારણથી દાન ગ્રહણ? જે દાન આપે છે એ જ તો ગ્રહણ કરે છે."



આમ બોલતાં બોલતાં ભાવ સમાધિમાં ઊતરી ગયાં. એ સ્થિતિ કે જ્યાં આપવા-લેવાનો ભેદ ઓગળી જાય છે તે સ્થિતિમાં પહોંચી ગયાં. શરીર સ્થિર થઈ ગયું. દૃષ્ટિ ઢળી ગઈ અને તે પણ સ્થિર થઈ ગઈ. હવે કોણ કોને દાન આપે ?

તોપણ ભોળાનાથે શ્રાદ્ધ વિધિ કરાવી જ. માને પુષ્પ ને જળનો સ્પર્શ કરાવી કરાવીને આ વિધિ મા દ્વારા જ તેમણે આ રીતે સંપન્ન કરાવી. એ જ રીતે માને સ્પર્શ કરાવી બધી વસ્તુઓ દાનમાં આપવા લાગ્યા.

આ રીતે ભોળાનાથે મા દ્વારા શ્રાદ્ધવિધિ કરાવી કર્તવ્ય બજાવ્યું.





## દીદીમાની દીક્ષા

માનાં માતા મોક્ષદાસુંદરી ઘણાં જ ભગવત્ પરાયણ હતાં. પતિના અવસાન બાદ તો વૈરાગ્ય પ્રબળ બની ગયો. સંન્યાસ ગ્રહણ કરવાની ઈચ્છા જાગી. માની સમક્ષ એ વ્યક્ત પણ કરી. શાસ્ત્રમાં તો સ્ત્રીને સંન્યાસનો નિષેધ છે એમ માનીને ઘણા વિદ્વાનો-પંડિતોએ આ સંન્યાસનો વિરોધ કર્યો. ઘણા સંન્યાસીઓએ પણ ના પાડી. પણ મા દૃઢ હતાં. તેમણે આ વિરોધનો પ્રતિવાદ ન કર્યો, પણ મૌન રહીને એવા સંન્યાસી ગુરુની શોધ આદરી કે જેઓ સ્ત્રીને પુરુષના ભેદથી ઉપર ઊઠેલા હોય. એવા ગુરુ પણ મળી આવ્યા. એ હતા કનખલ આશ્રમના સ્વામી મંગલાનંદગિરિજી. મા ઓળખતાં હતાં. દીદીના પિતાજી ડૉ. શશાંકમોહનને સંન્યસ્તદીક્ષા તેમણે જ આપી હતી.

માએ પોતાની માતાને સંન્યાસ આપવા વિનંતી કરી. માની આધ્યાત્મિકતાથી તેઓ પણ પ્રભાવિત હતા. મા માટે ખૂબ આદરભાવ હતો. માની માગણી સ્વીકારી, ૧૩ એપ્રિલ ૧૯૩૮ની રોજ માનાં માતાને દીક્ષા આપી, સંન્યાસિની મુક્તાનંદગિરિ રૂપે તેમને નવો જન્મ આપ્યો. દીક્ષાવિધિ વખતે મા પણ ત્યાં હાજર હતાં. માના એકમાત્ર ભાઈ યદુનાથ ભટ્ટાચાર્ય પણ હાજર રહ્યા હતાં. પોતાની માતાને સંન્યાસિનીના વેશમાં જોઈને તેઓ તો રડવા જ માંડ્યા.

પછી માએ સમજાવતાં કહ્યું :

"મા તો કલ્યાણની કેડીએ જઈ રહ્યાં છે. એ માટે રડવાનું ન હોય."

સંન્યાસદીક્ષાની સમાપ્તિ પછી માએ પોતાનાં સંન્યાસિની માતાને પ્રણામ કરતાં કહ્યું : "મા, સંસારી જનો તો દિવસે ને દિવસે ભોગવિલાસમાં ડૂબતા જાય છે. એવા ય લોકો છે, જેઓ સંન્યાસ છોડીને ગૃહસ્થાશ્રમમાં પાછા આવે છે. ત્યારે તમે તો આ કઠોર સંન્યાસાશ્રમમાં સ્વેચ્છાએ પ્રવેશ્યાં છો. હવે એકમાત્ર એના જ ધ્યાનમાં મગ્ન બની જાઓ. એનું જ જ્ઞાન પામો. એના જ સ્વરૂપનું દર્શન કરો. જો એ નથી થયું તો કશું જ નથી થયું એમ સમજજો."



માએ માતાને પણ કેવળ એ એકમેવની પ્રાપ્તિની પ્રવૃત્તિમાં જોડી દઈ જીવન સાર્થક કરી દીધું.

સંન્યાસી બન્યા પછી પણ આ વૃદ્ધ માતા માની સાથે જ આશ્રમમાં રહેતાં હતાં. સહુ 'દીદીમા' કહેતું. મા પોતે પણ દરરોજ સવારે ને સાંજે 'ૐ નમો નારાયણ' કહી પ્રણામ કરતાં. દીદીમા ભલે વિદ્વાન નહોતાં, પણ આધ્યાત્મિક ભાવ ઉચ્ચ કક્ષાનો હતો. સતત ભગવન્નામનો જપ કરતાં રહેતાં. પ્રભુ પ્રત્યે ઉત્કટ ભક્તિભાવ હતો. મા સાથે પ્રવાસમાં પણ જતાં. પરંતુ ક્યારેય જાહેરમાં આગળ આવતાં નહીં. માએ દીક્ષામંત્ર આપવાનું કામ સોંપ્યું હતું ; આથી ઘણા ભક્તોના દીક્ષા ગુરુ બનવું પડ્યું હતું. મા પોતે તો કોઈને દીક્ષામંત્ર આપતાં નહીં. મંત્રદીક્ષા માટે કોઈ દુરાગ્રહ કરતું તો દીદીમા પાસે મોકલી આપતાં. આમ તેમણે કેટલાય ભક્તોને મંત્રદીક્ષા આપી હતી. ભક્તો માટેય તેઓ મંત્રજપ કરતાં.

એક વખતે એક ભક્તે આ બાબતમાં પૂછ્યું :

"દીદીમા, આપ આટલો બધો વખત જપ કેમ કર્યા કરો છો ?"

ત્યારે જવાબ મળ્યો : "જુઓને, મારા કેટલાય ભક્તશિષ્યોને જપ કરવાનો સમય મળતો નથી. તેથી તેમને માટે જપ કરું છું."

ભક્તોનું કલ્યાણ થાય તે માટે સતત પ્રયત્ન કરતાં રહેતાં.

મા પ્રત્યે તો ઉત્કટ ભક્તિભાવ અને ઊંડો પ્રેમ હતો. મા ભલે બાહ્ય દૃષ્ટિએ તેમનાં પુત્રી હતાં; પણ તેમને નારાયણ સ્વરૂપ માની પૂજા કરતાં. પોતાની જાતને ધન્ય માનતાં કે આ જન્મમાં 'માનાં માતા' થવાનું પરમ સદ્ભાગ્ય સાંપડ્યું.

એમણે કહ્યું હતું : "મારા ઉદરમાં આવીને તેણે મને કૃતાર્થ કરી છે."



## ભોળાનાથને સંન્યાસદીક્ષા

ભોળાનાથના મનમાં હવે વૈરાગ્યભાવ પ્રબળ બનવા લાગ્યો હતો. સંન્યસ્ત ગ્રહણ કરવાની ઈચ્છા મનમાં સતત ઊઠતી રહેતી હતી. તેઓ દંડી સ્વામી બનવા ઈચ્છતા હતા. આથી કોઈ તીર્થસંપ્રદાયના સંન્યાસી પાસે દીક્ષા લેવાનું મનોમન નક્કી કર્યું હતું.

એવા સંન્યાસીની શોધ પણ કરી રહ્યા હતા. દરમિયાનમાં મા સાથે કૈલાસની યાત્રાએ જવાનું થયું. ત્યાં જ્યોતિષબાબુના મનમાં પણ તીવ્ર વૈરાગ્ય જાગી ઊઠ્યો.

પણ પછી મા પાસે જ સહજપણે સંન્યસ્ત-દીક્ષા ગ્રહણ કરી લીધી.

ભોળાનાથની બાબતમાં પણ કંઈક એવું જ થયું.

પહાડી કન્યા પાર્વતી ભોળાનાથ પાસે મંત્રદીક્ષા લેવા ઈચ્છતી હતી. તે દિવસે ભોળાનાથ ભગવાં વસ્ત્ર પહેરીને માનસરોવરના જળમાં ઊભા હતા. હાથ જોડીને પાર્વતી સામે ઊભી હતી. ભોળાનાથે આ પ્રસંગે માને પણ હાજર રાખ્યા હતા. ભોળાનાથ પાર્વતીને મંત્રદીક્ષા આપી રહ્યા હતા. મા આ બધું જોતાં ત્યાં ઊભાં હતાં. ત્યાં એકાએક મા ભાવમાં સરી પડ્યાં ને મુખમાંથી મંત્ર પ્રગટ થવા લાગ્યા.

માએ ભોળાનાથને કહ્યું, "જુઓ, તમારા માટે આ મંત્રો પ્રગટી રહ્યા છે. તમે તેનો સ્વીકાર કરો."

પણ ભોળાનાથ મા પાસેથી મંત્ર સ્વીકારવા તૈયાર નહોતા. તેમને ઢાકામાં માએ મંત્રદીક્ષા આપી હતી ત્યારે પણ એ ગ્રહણ કરવા તૈયાર નહોતા અને માએ તૈયાર કરવા પડ્યા હતા. હજુ પણ અહંકાર અશેષ ઓગળી ગયો નહોતો. માને હાથે સંન્યાસમંત્ર લેવા બિલકુલ ઈચ્છતા નહોતા. માના એ મંત્રોનો ત્યારે તો સ્વીકાર ન કર્યો. બોલ્યા : "તમારા મંત્રથીયે ચડિયાતા મંત્રો ઉત્તરકાશીમાં સંન્યાસીઓ પાસેથી મળ્યા છે. તેમાંથી એકને સંન્યાસમંત્ર તરીકે સ્વીકારીશ."

એમણે તો સ્પષ્ટપણે માને આમ કહી દીધું.

માએ કહ્યું : "મેં મારી વાત તમને કહી, માનવી-ન-માનવી એ તમારી મુનસફી." આટલું કહીને મા ચૂપ થઈ ગયાં. પછી ત્યાંથી બહાર નીકળીને માનસરોવરને કિનારે-કિનારે આગળ ચાલવા લાગ્યાં.



પણ ચાલતાં ચાલતાં ય માના મુખમાંથી મંત્રો તો સહજપણે ઉચ્ચારાતા જતા હતા. મા જતાં રહ્યાં, એટલે ભોળાનાથ પણ માની પાછળ પાછળ જવા લાગ્યા.

તેઓ આ મંત્ર સાંભળતા હતા. તેમાંથી એક મંત્ર સાંભળતાં જ ચમકી ઊઠ્યા "અરે, આ તો સાચે જ સંન્યાસમંત્ર છે."

ઝડપથી ચાલીને માની સાથે થઈ ગયા. કહ્યું : "બોલો, બોલો, આ તો સંન્યાસમંત્ર છે." આમ કહી એકાગ્રતા ને ધ્યાનથી મંત્ર સાંભળવા લાગ્યા. ભગવાં વસ્ત્રો તો પહેર્યાં જ હતાં ને હવે મા પાસેથી સંન્યાસનો મંત્ર ગ્રહણ કર્યો. આ પ્રસંગ વિશે માએ પાછળથી જણાવ્યું હતું કે, એ સ્થળે એવો ભાવ હતો કે 'બ્રહ્મ એક છે. બીજું કંઈ છે જ નહીં.' એ ભાવને અનુરૂપ સંન્યાસનું નામ પણ ભોળાનાથ આપવામાં આવ્યું. એ નામ હતું તિબ્બતાનંદ તીર્થ.

આ રીતે ભોળાનાથની સંન્યાસની દીક્ષા, તેમની અનિચ્છાએ પણ, માને હાથે જ થઈ; અને તે પણ માનસરોવરને કિનારે જ.

થોડા સમય બાદ હરદ્વારમાં પૂર્ણકુંભ સમયે માએ રાતના બાર વાગ્યે ભોળાનાથને બોલાવી કહ્યું હતું : "અહીં તમે સંન્યાસદીક્ષાની સઘળી ક્રિયાવિધિ યોગ્ય સંન્યાસીના માર્ગદર્શન હેઠળ કરી લેજો."

પણ પછી કોઈના માર્ગદર્શન હેઠળ નહીં, જાતે જ બધી ક્રિયાવિધિ કરી લીધી. માને કહ્યું : "સંન્યાસ-ક્રિયા તો કરીને આવ્યો છું."

પણ પછી તેમણે એ વિશે કંઈ જ સ્પષ્ટતા ન કરી ને માએ કંઈ પૂછ્યું પણ નહીં. પણ મા જાણતાં હતાં કે તેમણે કશું કર્યું નથી. એ પછી માએ તેમને થોડો સમય બહાર ફરતા રહીને કાર્ય કરવા કહ્યું. પણ તે ય તેમનાથી થઈ શક્યું નહીં. આ વિશે માએ પાછળથી જણાવ્યું હતું :

"હું જાણતી હતી કે તેઓ કંઈ નહીં કરે, તોપણ એમને કહ્યું. કેમકે, હું જાણું છું કે વાતનો ભલે સ્વીકાર ન થાય તોપણ વાત કહી દેવાથી શરીરમાં એક ક્રિયા થતી હોય છે – એક છાપ પાડવાની. બીજું શું ? અને કઈ રીતે તે ખબર છે ? 'ખયાલ' આવવાથી કહેવું જ પડે છે. જેવી રીતે મોઢામાં થૂંક આવે તો કાઢી જ નાખવું પડે એવી રીતે. બીજું શું ? એનું પરિણામ કંઈક તો આવશે જ આવશે."

પણ માના 'ખયાલ' પ્રમાણે ભોળાનાથ વર્ત્યા નહીં. પરિણામે પાછળથી ઘણું જ કષ્ટ સહેવું પડ્યું અને ભૂલ સમજાઈ ત્યારે તો ઘણું જ મોડું થઈ ગયું હતું, છતાંય ત્યારે માને કહેલું કે, "મને ક્ષમા કરો."

ભોળાનાથે સંન્યાસ લીધો હતો તે મા સિવાય કોઈ જાણતું નહોતું. મા જ તેમના સંન્યાસ-ગુરુ છે, એની જાણ તો તેમના મૃત્યુ સમયે જ સર્વને થઈ.